# ફર્નિચરની આડમાં દારૂના જથ્થાને હેરાફેરી કરતી આઈસર ટ્રક ઝડપાઈ

## ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસેથી પકડેલી ટ્રકમાંથી ૪૨૦ નંગ દારૂની બોટલ મળી : રૂ.૬.૬૯ લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૪

હિંમતનગર ચિલોડા નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી આઈસર ટ્રક પસાર થતી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વોચ ગોઠવીને દારૂની હેરાફેરી કરતી આઈસર ટ્રક પકડી પાડી છે. ફર્નિચરની આડમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને આઈસર ટ્રક માં હેરાફેરી કરવામાં આવી રહી હતી તેને ચિલોડા પોલીસે પકડીને તપાસ કરતા અંદરથી ૪૨૦ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. ચિલોડા પોલીસે રૂ. ૬.૬૯ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને દારૂની હેરાફેરી કરી રહેલા હરિયાણાના બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે.



દારૂનો જથ્થો ક્યાંથી લવાયો હતો અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

ચિલોડા પીઆઈ યુવરાજસિંહ વાઘેલાની સૂચનાથી તેમની ટીમો દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે સઘન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે તો બીજી તરફ હાઈવે ઉપર થી થતી દારૂની હેરાફેરી ઉપર સખત વોચ રાખવા માટે પણ સૂચના આપી દેવાઈ છે. દરમિયાન ચિલોડા પોલીસની ટીમ વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે આ હાઈવે ઉપરથી રાજસ્થાન પાસિંગની આઈસર ટ્રક પસાર થવાની છે જેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલો છે. ચિલોડા પોલીસ ચંદ્રાલા પાસે વાહન ચેકિંગ સઘન બનાવી આ ટ્રકને પકડી પાડી હતી. ટ્રકમાં તપાસ કરતા અંદરથી ફર્નીચરનો જથ્થો મળી આવ્યો હતો. ફર્નિચર ખસેડીને ટ્રકની અંદર તપાસ કરી તો દારૂનો જથ્થો સંતાડેલો મળી આવ્યો હતો. વિદેશી દારૂની એક ૪૨૦ નંગ બોટલ તથા ટ્રક મળી ચિલોડા પોલીસે રૂ.૬.૬૯ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી હરિયાણાના બે આરોપી ધર્મેન્દ્રકુમાર હરિકેશ અને વિકાસ હરિકેશ નામના બંને શખ્સોની ધરપકડ કરી તેમની ઊંડી પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જિલ્લામાં ૧૩ હજારથી વધુ ખેડૂતોની અરજી

ગાંધીનગર, તા. ૧૪

ભારત સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે અને નાના સીમાંત ખેડૂતોને સહાય રૂપ થવાના ઉમદા આશયથી સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલી બનાવવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના ધરતીપુત્રો આ યોજનાનો લાભ સરળતાથી લઈ શકે તે માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગાદીઢ એક - એક કર્મચારીને ફરજ સોંપવામાં આવી છે. જેની ફલશ્રૃતિરૂપે તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધીમાં જિલ્લાના ૧૩ હજાર કરતા વધુ ખેડૂતોએ આ યોજનાનો લાભ લેવા અરજી કરી છે.

આ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ૧,૬૨૯, માણસા તાલુકામાં ૪,૮૭૦, ગાંધીનગર તાલુકામાં ૩,૧૮૭ અને દહેગામ તાલુકામાં ૩,૩૪૫ મળી કુલ-૧૩,૦૩૧ ખેડૂતો દ્વારા અરજી કરવામાં આવી છે. આગામી તા. ૧૮ અને ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પણ આ યોજનાનો લાભ લઈ શકે તેવા ખેડૂતોની પાત્રતા નક્કી કરવામાં આવશે. આથી જિલ્લાના ખેડૂતોને આ યોજના માટેનો લાભ લેવા તેમના તમામ જમીન ખાતાની વિગત, આધાર કાર્ડની નકલ, બેંક પાસબુકની ઝેરોક્ષ નકલ અને કેન્સલ ચેક ગ્રામ પંચાયત ખાતે જમા કરાવવાના રહેશે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત સરકાર દ્વારા બે હેકટર (૨૦૦ ગુંઠા) સુધીની જમીન ધરાવતા ખેડૂત પરિવારને દર વર્ષે રૂપિયા ૬ હજારની સહાય કરવામાં આવનાર છે. આ સહાય ત્રણ હપ્તામાં ખેડૂત પરિવારના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. જેનો પ્રથમ હપ્તો ખેડૂતોને તા. ૧ ડિસેમ્બર, ૨૦૧૮થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯ સુધીમાં ચુકવવાનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

# કેપિટલ સ્ટેશન પર ટૂંક સમયમાં એ.ટી.એમ. સેન્ટર શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર રેલવે સ્ટેશન વિસ્તારમાં એ ટી એમ સેન્ટર શરૂ કરવામાં આવશે. હાલ સ્ટેશન વિસ્તારમાં સુવિધાઓના અભાવ વચ્ચે રેલયાત્રિકો અનેક દુવિધાઓ અનુભવી રહ્યા છે. જયારે આ વિસ્તારમાં આકાર લેતી ફાઈવ સ્ટાર હોટલની સાથે નવી ટ્રેઈન શરૂ કરવા સહીત યાત્રિકો લક્ષી સુવિધાઓ પણ તબક્કાવાર ઉભી કરવામાં આવી રહી છે. એ ટી એમ શરૂ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે નવા એ ટી એમની સેવા પણ શરૂ કરી દેવાશે.

કેપિટલ રેલવે સ્ટેશનના વિકાસ માટે હાલ નતનવી કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્ટેશન વિસ્તારમાં ફાઈવ સ્ટાર હોટલ નિર્માણની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે.જયારે હોટલ નિર્માણ સાથે સ્ટેશન વિકાસને અનુલક્ષીને પણ વિવિધ કામો હાથ ધરાયા છે. દાયકાઓ જુના સ્ટેશન વિસ્તારની રોનક નિખારવા પ્રયાસો હાથ ધરાયા છે. હાલ સ્ટેશન પર વિવિધ સાત જેટલી રોજની ટ્રેઈનોની અવરજવર છે. જયારે વધુ નવી ટ્રેઈન શરૂ કરવા માટે પણ તબક્કાવાર આયોજન કરાશે . બે દિવસ પુર્વે જ ગાંધીનગર ભાવનગર વચ્ચેની ઈન્ટરસીટી ટ્રેઈન સેવાનો પ્રારંભ કરતા સ્થાનિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. પરંતુ હજુ સ્ટેશનમાં યાત્રિકોલક્ષી જરૂરી સુવિધાઓ ઉભી કરવાનુ અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સ્ટેશન પર નવી ટ્રેઈનો શરૂ થાય તે ઉપરાંત સ્ટેશન વિસ્તારને અનુલક્ષી રસ્તા તેમજ વાહન વ્યવહારની સેવા પણ પુરતી મળી રહે તે મુજબ વિશેષ તકેદારી રાખવાની અનિવાર્યતા છે.



સુવિશાલ તપાગચ્છાધિપતિ ગુરુદેવ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા શ્રી ગાંધીનગર જૈન સંઘ, સેક્ટર-૨૨ ના આંગણે પધાર્યા હતા. તેઓ તા. ૧૬-૧૭ ફેબ્રુઆરીના રોજ તપોવન સંસ્કારપીઠ ની રજત જયંતિ નિમિત્તે ત્યાં પધારશે.

# શિવરંજની દ્વારા ૧૬મીએ વસંતના વધામણા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૪

શિવરંજની સંસ્થા દ્વારા તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ સે-૧૭ ટાઉનહોલ ખાતે રાત્રિના ૯.૩૦ કલાકે વસંતના વધામણા કાર્યક્રમ રજૂ કરાશે. સૂર, શબ્દ અને સંગીતના વાંસતી વૈભવને ગુજરાતી, હિન્દી ફિલ્મોના ગીતોના સથવારે પ્રસ્તુત કરાશે. શિવરંજની સંસ્થાના પ્રમુખ વાગ્મિન બૂચના જણાવ્યા મુજબ સંસ્થા દ્વારા વાસંતી ગીતોના વિશષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નિરજ પાઠક, આનલ વસાવડા, પ્રહર વોરા અને સંપદા વોરા સહિતના કલાકારો વિવિધ ગીતો રજૂ કરશે. કાર્યક્રમનું સંચાલન મયુર દવે કરશે. જયારે પ્રવકતા તરીકે તુષાર જોષી હાજરી આપશે.

# કલોલના ચાર બળવાખોરોને સભ્ય તરીકે ગેરલાયક ઠેરવાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં કલોલ નગરપાલિકામાં ભાજપમાં બળવો કરી કોંગ્રેસમાં જોડાયેલા ચાર સભ્યોને સભ્યપદ માટે ગેરલાયક ઠેરવતો હુકમ નામોનિર્દિષ્ટ અધિકારીની કોર્ટ દ્વારા આપવામાં આવતાં જિલ્લાના રાજકારણમાં પુનઃ ગરમાવો આવ્યો છે.

ભાજપના લવ બારોટ દ્વારા આ સભ્યોના પક્ષાંતરને પડકારવામાં આવ્યુ હતુ. ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં પક્ષના મેન્ડેટનો ભંગ કર્યો હોવાનું સાબિત થતાં અરજદારની અરજીને ગ્રાહ્ય રાખવામાં આવી છે.

આજે આવેલા આ ચુકાદામાં તીમીરકુમાર ટી. જયસ્વાલ, રમીલાબેન વાય. પરમાર, જશોદાબેન યોગી અને મંજુલાબેન રાઠોડને નગરપાલિકાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.

નગરપાલિકામાં ભાજપના ૪ સભ્યોએ કરેલા બળવાને પગલે ૨૧ વર્ષે નગરપાલિકામાં કોંગ્રેસે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. સામાન્ય ચૂંટણીમાં ભાજપને ૨૪ અને કોંગ્રેસને ૨૦ બેઠકો મળી હતી. હવે ભાજપના સિમ્બોલ પર ચૂંટાયેલા આ ચાર સભ્યો ગેરલાયક થતાં બન્ને પક્ષના સભ્યોની સંખ્યા ૨૦-૨૦ થવા પામી છે. નગરપાલિકાના ઉપપ્રમુખ પ્રકાશ વરમડેને હવે નવા નગરપતિ તરીકે જ્યાં સુધી નવા નગરપતિની ચૂંટણી થાય નહિ ત્યાં સુધી ચાર્જ સંભાળશે.

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી સવારે ૮થી સાંજના ૬ કલાક સુધી ખુલ્લું રહેશે

સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પ્રવાસીઓ માટે મુલાકાતના સયમમાં ૨ કલાકનો વધારો કરવામાં આવ્યો છે. હવેથી પ્રવાસીઓ સવારના ૮ કલાકથી સાંજના ૬ કલાક સુધી મુલાકાત લઈ શકશે. ટિકિટ બારી સવારે ૭-૩૦ કલાકથી સાંજના ૫ કલાક સુધી ખુલ્લી રહેશે. સમયમાં વધારાને પરિણામે દરરોજ ૭,૦૦૦ પ્રવાસીઓ વ્યુઈંગ ગેલેરીનો લાભ લઈ શકશે.



સે-૭ રંગોલી સ્કુલ દ્વારા સે-૧૭ ટાઉનહોલ ખાતે શાળાના વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ભુલકાઓએ વિવિધ કૃતિઓ રજુ કરી ઉપસ્થિત ગણને દંગ કરી દીધા હતા. સમાજ ઉપયોગી સંદેશો પાઠવતી કૃતિઓ પણ રજુ થઈ હતી. નાના ભુલકાઓએ માસુમ અદામાં ડાન્સ રજુ કરી સૌના દિલ જીતી લીધા હતા. રંગોલી સ્કુલના પ્રહર અંજારીયા , કાનન પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડયુ હતુ. કાર્યક્રમ દરમિયાન વાલીગણે પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સુજલામ્-સુફલામ્ જળ અભિયાનમાં જોડાઈએ
વાવ, તળાવ અને ચેકડેમો ઊંડા કરીએ



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
૧૫મી ફેબ્રુઆરીએ રાજ્યકક્ષાના
સુજલામ્-સુફલામ્ જળ અભિયાન કાર્યક્રમનો
તરણેતર, જિ. સુરેન્દ્રનગરથી પ્રારંભ કરાવશે

૨૩મી ફેબ્રુઆરીથી
જિલ્લાકક્ષાના
સુજલામ્-સુફલામ્
જળ અભિયાન કાર્યક્રમ

જળ અભિયાનથી જળસંચય...



જળ અભિયાનની આછેરી ઝલક :-

- ચાલુ વર્ષે રાજ્ય સરકારનો ફાળો ૫૦ ટકાથી વધારીને ૬૦ ટકા કરવામાં આવ્યો
- ૨૩મી થી તમામ જિલ્લાકક્ષાએ શરૂ થનાર આ અભિયાનમાં મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને મહાનુભાવો જોડાશે
- મનરેગા યોજના હેઠળ હયાત તળાવો, ચેકડેમ, જળાશયો ઊંડા કરાશેઃ નદીઓ-ચેકડેમો-જળાશયોનું ડિસીલ્ટીંગ કરાશે
- ચેકડેમો-તળાવોના વેસ્ટવિયર મરામત, નદીપ્રવાહને અવરોધક ગાંડાબાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરાશેઃ નદીકાંઠે વૃક્ષારોપણ કરાશે
- આ અભિયાનમાં સ્વૈચ્છિક, શૈક્ષણિક, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, જાહેર સાહસો, એ.પી.એમ.સી. સહિત વિરાટ જનશક્તિનો મળશે સહયોગ

આવો, આપણે સૌ જળ બચાવીએ, જળનું જતન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત